## –: ફાઉન્ટન પેન :–

૧૪ માં ફાતેમી ઈમામ મોઈઝ (અ.સ.) ના દૌરે મયમૂનમાં (૩૪૧-૩૬૫ હી.) આજની બાઝ ઝરૂરીયાતની ચીઝોની ઈજાદ (Invention) થઈ હતી. તેમાં કિતાબત-લખાણ વાસ્તેની ફાઉન્ટનપેન શામિલ છે. આ ઈજાદનો સહેરો મગરિબી મુલ્કોએ ૧૫૦ વરસ પહેલા પોતાના સરે બાંધેલો છે જે સરાસર ગલત છે. ફાઉન્ટન પેન બનાવવાનો તસવ્વુર આજથી ૧૦૭૦ વરસ પહેલા હીજરી ૩૫૫ ની સાલને કરીબ ઈમામ મોઈઝ (અ.સ.) ના ઝહેનમાં પૈદા થયો અને આપે તે ખયાલ આપના કાઝીએ આઅલા - Chief Justice નોઅમાન સાહબ (રિ.અ.) ને ઈઝહાર કીધો અને પેનની બનાવટ વાસ્તે તમામ કૈફીયત અને સુઝાવથી આગાહ કીધા. **જેવા આકા ઝહીન અને આકિલ તેવા જ તેમના શાગિર્દ અને રઝાકારો હતા.** સૈયદના નોઅમાને (રિ.અ.) તો ફૌરન આ બાબતમાં તવજ્જોહ આપી સલ્તનતે ફાતેમીયાહનાં તમામ મશ્હૂર ફનકારો અને દવાત-કલમ બનાવનારા કારીગરોને તલબ કીધા અને આપ સૈયદનાની ખાસ મદદથી ચંદ અય્યામમાં જ ઈરશાદે ઈમામી મુજબ એક ફાઉન્ટન પેન તૈયાર થઈ ગઈ,....... **એવી શાનદાર અને બેનમૂન કલમ** ........ કે જે લખવા વાસ્તે ઘડી-ઘડી સિયાહીમાં ડુબાવવી ન પડે, હાથ કાલા ન થાય અને તેને અંદર જ સિયાહીનો એવો ઝખીરો મૌજૂદ હોય કે, તેના કિત્તામાં મુસલસિલ કોઈ રૂકાવટ બગૈર સિયાહી જારી રહે અને લખવામાં આસાની થાય- આજની ફાઉન્ટન પેનની બનાવટ ખરેખર ઈમામી હિદાયત અને ઈરશાદાતથી ઈજાદ થયેલી ફાતેમી ફાઉન્ટન પેનની કારીગરીની ચોરી છે ......! ★